ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વાવાઝોડાં, વરસાદી પૂરથી, ઢંગ બદલે છે,*
*મારે ઠારથી ક્યારેક શેકી નાખે - અંગ બદલે છે*
*રંગ બદલે છે ગરમી રેડ-નારંગી-અલર્ટ*
*માણસ મારવા ઈશ્વર પણ જંગ બદલે છે*

### હાઈકુ

*રાખે છે તંગ !*
*કુદરતની સંગ -*
*કરે છે દંગ !*

*પાણી ને તાપ !*
*પાપનો પશ્ચાતાપ -*
*કરો સંતાપ !*

### ચિંતન

*સ્વદેહે શોભનં સન્તં પુરુષાખ્યં ચ સમ્મતં ।*
*કિં મૂર્ખ શૂન્યમાત્માનં દેહાતીત, કરોપિ ભો : ॥*

ઉપરોક્ત શ્લોક અપરોક્ષાનુભૂતિમાંથી લેવામાં આવ્યો છે.

હે અજ્ઞાની ! મંગલરૂપ, પુરુષ નામવાળા, સંમત, પોતાના શરીરમાં રહેલા અને શરીરથી પર આત્માને શા માટે શૂન્યરૂપ કરે છે ?

માણસ-જીવ જ્યાં સુધીશરીર અને આત્માનો તફાવત સમજી શકતો નથી ત્યાં સુધી શરીર સાથે આત્માને પણ બદનામ કરે છે. આત્મા હણાયો - જીવ બળે છે જેવાં ઉચ્ચારણો આત્માને બંધનમાં મૂકે છે. આત્માને કંઈ થતું નથી. શરીરને બધા દોષ લાગે-વળગે છે. આત્મા ધારે તો તેને તટસ્થ રીતે જોઈ શકે છે.

### સુવિચાર

- જિંદગી કી થકાન મેં ગુમ હોય ગયા, વો લફ્ઝ જિસે સુકૂન કહેતે હૈં - **હમરાઝ**
- જે તુજથી ના થઈ શકે, પ્રભુને એ જ ભરાવ, પાણિયારું નહીં ભરે પ્રભુ, ભરશે નદી-તળાવ - **દલપતરામ**
- હોડી એકલી નદી પાર નથી કરતી. તેનતા પર સવાર પણ નદીં પાર કરે છે. સંતોનું જીવન એવા પરોપકાર માટે જ હોય છે. - **બોધિવૃક્ષ**
- બ્રહ્મસ્વરૂપનાં દર્શન કરવાં હોય તો સ્વયં એ માર્ગે આગળ જવું પડશે, સદાચાર, શુદ્ધતા અપનાવવાં પડશે. - **બીકે શિવાની**
- આવેલી પીડાને સહન કરવી અને બીજાને પીડા ન પહોંચાડવી એ ખરું તપ છે. આવા તપસ્વીને અમૃતની પ્રાપ્તિ થાય છે. - **મોરારિબાપુ**
- જીવનની ઉન્નતિનાં આ ત્રણ સોપાન છે : પ્રલોભનનો ઈનકાર, પીડાનો સત્કાર અને પાત્રતાનો આવિષ્કાર - **આચાર્ય વિજયરત્નસૂરીશ્વરજી**
- આજનું ઔષધ : બાળપણથી જ બહેડાનું તેલ માલીશ કરવાથી મોટી ઉંમરે તાલ પડતી રોકી શકાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ખુદાના બંદા એવા ફકીર પોતાના શિષ્ય સાથે જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. નમાઝનો સમય થયો એટલે ફકીર અને શિષ્ય બંને જંગલમાં જ પાથરણું પાથરી નમાઝ પઢવા લાગ્યા. હજી બંદગીની શરૂઆત જ થઈ હતી ત્યાં સિંહની ગર્જના સંભળાઈ. શિષ્ય ડરી ગયો. તેણે આંખો ખોલી જોયું તો ફકીર તો નમાઝમાં તલ્લીન હતા.

તેવામાં સિંહની ગર્જના મોટી થઈ એટલે શિષ્યને થયું સિંહ નજીકમાં જ છે. આથી તેણે બૂમ પાટી, ગુરુજી ભાગો. સિંહ નજીક આવી રહ્યો છે. આટલું કહીને તે નજીકના ઝાડ ઉપર ચડી ગયો. સિંહ આવ્યો, ફકીરની બાજુમાંથી ચૂપચાપ પસાર થઈ ગયો. ફકીરે નમાઝ પૂરી કરી, આંખો ખોલી અને શિષ્ય પણ ઝાડ પરથી નીચે આવ્યો. શિષ્યએ બધી વાત કરી. ફકીર તો કંઈ બોલ્યા વગર આગળ વધ્યા.

રાત પડી ત્યારે ફકીરે લાકડા સળગાવી તાપણું કર્યું અને કહ્યું, કોઈ જંગલી જાનવર નજીક ન આવે એટલા માટે આપણે સળઘતું લાકડું હાથમાં રાખીને વારાફરથી જાગવું પડશે. શિષ્યે પૂછ્યું, થોડા કલાકો પહેલાં તો તમે સિંહથી બિલકુલ ડર્યા નહીં અને હવે અત્યારે તાપણું કરીને જંગલી જાનવરથી બચવા ચોકી કરવાની, જાગવાની વાતો કરો છો!

ફકીરે કહ્યું, સિંહથી હું એટલા માટે ડર્યો નહતો કારણ કે ત્યારે હું નમાઝ પઢી રહ્યો હતો. એટલે મારા ખુદાની સાથે હતો, મને સિંહની ખબર જ ન પડી. પણ હવે હું ખુદાની સાથે નથી એટલે સામાન્ય માનવીની જેમ મને પણ જંગલી જનાવરનો ડર લાગે જ છે.

# આતંકવાદ સામે એક વ્યૂહાત્મક જીત

તંત્રીસ્થાનેથી...

પુલવામા હુમલાના માસ્ટર માઈન્ડ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરી યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બરાબર ચૂંટણીગાળામાં જ અકલ્પનીય ફાયદો પહોંચાડ્યો છે. ભારતની આ વ્યૂહાત્મક જીત સંપૂર્ણપણે મોદીના મસ્તક પર મોરપીંછ બનીને આવી છે. છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કુલ ચાર વખત જૈશે મોહંદના આ ખૂંખાર આકા પર વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટેનો ગાળિયો કસાતો રહ્યો હતો. અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને રશિયા જેવા સુરક્ષા સમિતિના કાયમી સભ્યોએ ભારતની રજૂઆતને વજૂદવાળી ગણી હતી અને પાકિસ્તાન આવા આતંકવાદીઓનું શરણસ્થલ બની રહ્યું હોવાનું સ્વીકારી એની આર્થિક સહાય પર પ્રતિબંધો પણ મૂક્યા હતા. પરંતુ સ્થાયી સમિતિના પાંચમા સભ્ય ચીનને એના બગલબચ્ચા જેવા પાકિસ્તાનને બચાવવામાં જ રસ હતો એટલે મસૂદ મુદ્દે એ વારંવાર પૂરતા પુરાવાઓ નહીં હોવાનું ગાણું ગાઈ વીટો વાપરતું રહ્યું હતું. સૈયદ અકબરુદીન જેવા કાબેલ પ્રતિનિધિ મારફથ ભારત સતત આ માગણી ઉઠાવતું રહ્યું, પુલવામા પૂર્વે ઉરી સહિતના અને મુંબઈ બ્લાસ્ટ જેવા હુમલાઓ પાછળ આ ખૂંખાર આતંકવાદીની સીધી સંડોવણીના પુરાવા આપતું રહ્યું પરંતુ ચીન એની ખંધાઈ છોડવા તૈયાર નહોતું. દર વખતે મસૂદ અઝહર સામેની દરખાસ્ત એક માત્ર ચીનની આડોડાઈના કારણે ઊડી જતી હતી. આખરે બાકીના સ્થાયી સમિતિના સભ્યોએ દ્રઢતાપૂર્વક ચીનના વિરોધ છતાં મસૂદ અઝહર વિરુદ્ધની દરખાસ્ત આગળ વધારતાં નાછૂટકે ચીનને 'વાણિયા મૂછ નીચી' જેવો અભિગમ અપનાવી કહેવું પડ્યું કે પૂરતી તપાસના અંતે ચીનને પણ મસૂદ અઝહર પર વૈશ્વિક આતંકવાદીનું લેબલ લગાવવામાં વાંધો નથી. આ ભારતની બહુ જ મોટી વ્યૂહાત્મક જીત છે, જેનો યશ નરેન્દ્ર મોદીને જ મળે તે સ્વાભાવિક છે. ચીનો પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાનની ઈજ્જત રાખવા પ્રસ્તાવમાં શરૂઆતમાં ઉમેરાયેલું પુલવામા હુમલાનું પ્રકરણ રદ કરી અમેરિકાની મૂળ વાચના મુજબ મસૂદ અઝહર તાલેબાન અને ઓસામા બિન લાદેનના અલ કાયદા જેવાં આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલો હોવાની વાત માની લીધી છે. ભારતને એથી કોઈ જ ફરક પડતો નથી, કારણ કે પુલવામા હુમલાની જવાબદારી સામે ચાલીને જૈશે સ્વીકારી જ હતી. ૧૯૯૪માં અનંતનાગથી પકડાયેલા આ આતંકવાદીને ભારતીય વિમાનને બાનમાં લેનાર જૈશે મોહંમદના એના સાથીઓના સકંજામાંથી છોડાવવા માટે ખુદ વાજપેયી સરકારના વિદેશમંત્રી જશવંતસિંહ કાબુલ મૂકી આવ્યા હતા. ભાજપ સરકાર પાસે એ સિવાય બીજો વિકલ્પ જ ન હતો કારણકે મુસાફરોના જીવ પર જોખમ તોળાયેલું હતું. મોદી સરકારે અટલ સરકારના કાર્યકાળમાં બનેલ આ નીચાજોણા જેવી ઘટના સામે મસૂદને વૈશ્વિક આતંકવાદી જાહેર કરાવી ભારે સફળતા મેળવી છે. વૈશ્વિક આતંકવાદીને પ્રવાસ, હથિયાર અને સંપત્તિનો અધિકાર રહેતો નથી. પાકિસ્તાનને હવે નાછૂટકે એના સંરક્ષણ હેઠળ રહેતા આ રાક્ષસ સામે પગલાં ભરવાં પડશે. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષો મસૂદને ભાજપ સરકારે જ છોડાવેલો અને સામા પક્ષે કાબુલ મૂકી આવેલ, એવો આક્ષેપ કરતા રહ્યા હતા એમને મોદીએ જડબાતોડ જવાબ આપી દીધો છે.

# કથા સુણી સુણી ફૂટ્યાં કાન



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

વેદાન્ત કવિ અખાના સામાજિક કટાક્ષો જાણીતા છે. લોકો વારંવાર કથા સાંભળવા જાય છે. પરંતુ એમનામાં સાચી સમજણ જરાપણ આવતી નતી.

સ્કંદપુરાણ (છઠ્ઠી સદી)નું વિભાજન ખંડોમાં છે. આમાંનો એક રેવાખંડ છે. આમાંના પાંચ અધ્યાયો 'સત્યનારાયણ કથા'ના છે. અખાની જે ફરિયાદ છે તે આ કથાના શ્રોતાઓને પણ સ્વાભાવિક રીતે લાગુ પડી શકે. નહિતર આ કથામાંથી પણ ગ્રહણ કરવા જેવું, સમજવા જેવું આચરણમાં ઉતારવા જેવું ઘણું છે.

અહીં આ કથાના કેટલાક શ્લોક આપ્યા છે :

(૧) અધ્યાય ૧ શ્લોક ૧૪ - આ વ્રત મહત્ત્વનું છે, પુણ્યશાળી છે. સ્વર્ગ અને પૃથ્વી બંને સ્થળે દુર્લભ હતું. પરંતુ હે વત્સ! તારા તરફના સ્નેહને કારણે હવે તને હું કહી રહ્યો છું.

સત્યનારાયણ કથાનું ધાર્મિક મહત્ત્વ ઘણું છે. સ્વયં ભગવાન વિષ્ણુએ દેવર્ષિ નારદને આની વિગત આપી છે. કારણ કે એના માટે અપાર સ્નેહ છે. આમાં નારદનો પરોપકાર છે. મનુષ્યના દુખો દૂર થાય, એનો ઉપાય પૂછ્યો ત્યારે ભગવાને ઉપાય તરીકે આ વ્રત કહ્યું છે. જેને માટે પોતાને સ્નેહ હોય, વાત્સલ્ય હોય એ વ્યક્તિને, દુર્લભ હોય તો પણ આપી શકાય. એમાં પણ જ્યારે એ વ્યક્તિ પરોપકાર માટે સમગ્ર માનવજાતના કલ્યાણ માટે માગી રહી હોય.

(૨) અધ્યાય - ૨ શ્લોક ૨૪ : તે સુંદર નાગરમાં જ્યાં ધનિકોને નિવાસ હોય ત્યાં આવ્યો. અહીં તેને લાકડાંની કિંમત કરતાં બમણા પૈસા મળ્યા.

આ વ્રત તો સૌ કોઈ કરી શકે. એક કઠિયારો હતો. એણે અજાણતાં કોઈક બ્રાહ્મણને ઘરે કથામાં હાજરી આપી. આમાંથી એને પોતાને ઈચ્છા જાગી. એણે સંકલ્પ કર્યો. એણે હજુ તો માત્ર સંકલ્પ જ કર્યો હતો ત્યાં ભગવાને અનુકૂળતા કરી આપી. બમણું દ્રવ્ય મેળવી આપ્યું.

(૩) અધ્યાય ૩ શ્લોક ૨ : એ જિતેન્દ્રીય, સત્યવાદી અને બુદ્ધિશાળી હતો. રોજે રોજ મંદિરે જાય અને જાય ત્યારે બ્રાહ્મણોને ધન આપે.

અગાઉ ઉલ્કામુખ નામે રાજા હતા, એના વ્યક્તિત્વમાં આ ચાર લક્ષણો હતાં : સંયમી, જિતેન્દ્રીય, સત્યવાદી, બુદ્ધિશાળી અને દાનેશ્વરી. કોઈપણ શાસક માટે - આદર્શ શાસક માટે - આ ચારેય લક્ષણો એકદમ જરૂરી છે.


(૪) અધ્યાય ૪ શ્લોક ૪ : મારી હોડીમાં વેલ, પાંદડાં વગેરે છે. આવાં કઠોર વચનો સાંભળીને એમણે કહ્યું, 'તારું વચન સાચું ઠરે.'

ના જાને કિસ ભેસ મેં હરી આ કર મિલ જાય. સાધુ નામનો વાણિયો દંડીસ્વામી પાસે ધન-સંપત્તિના અભિમાનમાં છકી જઈને મશ્કરીમાં ખોટું બોલ્યો. દંડીસ્વામી ભગવાન પોતે જ હતા. કોઈ પણ અવગણના ન કરવી.

(૫) અધ્યાય ૫ શ્લોક ૧૦ - જે કોઈ ભક્તિ સાથે એકદમ દુર્લભ સત્યનારાયણ વ્રત કરે છે અને જે કોઈ આ પવિત્ર કથા સાંભળે છે, એમને ફળ મળે છે.

ભક્તિભાવ જોઈએ - કથાનું આયોજન કરે તેનામાં અને સાંભળે તેનામાં. કથા પોતે જ પવિત્ર છે. આયોજકને અને શ્રોતાને - બંનેને ફળ આપે છે. ફળ ભલે ગમે એટલું દુર્લભ હોય.

આ કથા ભગવાન પાસેથી નારદ પાસે અને નારદ પાસેથી સૂતપુરાણી પાસે આવી. એમણે સંસારમાં પ્રસારિત કરાવી.



# 'ઠોઠ નિશાળીયો' કોનું ઉપનામ છે ?



## ખજાનો

અનિલ પટેલ

### સાહિત્યજગત

૧ દિવાસ્વપ્ન કોની ફિલ્મ છે ?
(અ) ગિજુભાઈ બધેકા (બ) મનુભાઈ પંચોળી
(ક) ભોળાભાઈ પટેલ (ડ) રઘુવીર ચૌધરી

૨ નીચેનામાંથી કઈ કૃતિ જય ભિખ્ખુની છે ?
(અ) પથ્થરના પારેવાં (બ) છિન્નપત્ર
(ક) શ્રાવણી રાત (ડ) પારકા ઘરની લક્ષ્મી

૩ ગુજરાતી ભાષાની પ્રથમ જાનપદી નવલકથા કઈ છે ?
(અ) પારકાં જણ્યાં (બ) લોહીની સગાઈ
(ક) સોરઠ તારાં વહેતાં પાણી (ડ) ઝેર તો પીધાં જાણી જાણી

૪ નીચેનામાંથી કયા નવલકથાકાર ઐતિહાસિક નવલકથા માટે જાણીતા છે ?
(અ) રમણલાલ દેસાઈ (બ) ચં.ચી. મહેતા
(ક) કનૈયાલાલ મુનશી (ડ) ઉમાશંકર જોષી

૫ 'કાશ્મીરનો પ્રવાસ' ગ્રંથના લેખક કોણ છે ?
(અ) કલાપી (બ) વિનોબા ભાવે
(ક) ધૂમકેતુ (ડ) ભોળાભાઈ પટેલ

૬ 'બુદ્ધનું ગૃહાગમન' ખંડ કાવ્યના કવિ કોણ છે ?
(અ) રમણભાઈ નીલકંઠ (બ) દામોદર બોટાદકર
(ક) સુરેશ દલાલ (ડ) પ્રેમાનંદ

૭ નૂપુરઝંકાર અને સ્મરણ સંહિતા કોની કૃતિઓ છે ?
(અ) નરસિંહરાવ દિવેટીયા (બ) કવિ શામળ
(ક) ન્હાનાલાલ (ડ) કિશોરલાલ મશરૂવાળા

૮ ચંદ્રવદન ચી. મહેતાનું મુખ્ય પ્રદાન કયા ક્ષેત્રે રહેલું છે ?
(અ) પ્રવાસકથા (બ) ઐતિહાસિક નવલકથા
(ક) નાટ્ય સાહિત્ય (ડ) કાવ્ય

૯ 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા'ના કવિ કોણ છે ?
(અ) રાવજી પટેલ (બ) આદિલ મનસૂરી
(ક) અમૃત ઘાયલ (ડ) નિરંજન ભગત

૧૦ 'વિનોદ વિહાર' કોની રચના છે ?
(અ) વિનોદ ભટ્ટ (બ) ધનસુખલાલ મહેતા
(ક) ઈન્દુલાલ ગાંધી (ડ) મોહનભાઈ પટેલ

૧૧ 'કેવડીયાનો કાંટો' અને 'ખેતરને ખોળે' નવલકથાના સર્જક કોણ છે ?
(અ) મોહનભાઈ પટેલ (બ) પન્નાલાલ પટેલ
(ક) ઈશ્વર પેટલીકર (ડ) પીતાંબર પટેલ

૧૨ 'બાવાના બગીચો' શ્રેણીના કટારલેખક કોણ હતા ?
(અ) તારક મહેતા (બ) બકુલ ત્રિપાઠી
(ક) મોહંમદ માંકડ (ડ) દોલત ભટ્ટ

૧૩ ગુણ સુંદરી અને બુદ્ધિધન કઈ કૃતિનાં જાણીતાં પાત્રો છે ?
(અ) જનમ ટીપ (બ) સરસ્વતીચંદ્ર
(ક) માનવીની ભવાઈ (ડ) લીલુડી ધરતી

૧૪ સ્વતંત્ર નારી 'વિદુલા'ના કથાકાર કોણ છે ?
(અ) સુરેશ જોષી (બ) લાભશંકર ઠાકર
(ક) સ્નેહરશ્મિ (ડ) દલપતરામ

૧૫ 'ઠોઠ નિશાળીયો' કોનું ઉપનામ છે ?
(અ) તારક મહેતા (બ) વિનોદ ભટ્ટ
(ક) ચીનુ મોદી (ડ) બકુલ ત્રિપાઠી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૩જી મે :**
  - વિશ્વ ઊર્જા દિન (સૂર્યદિન)
  - ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેનનું નિધન
  - ઈઝરાયલના પ્રથમ મહિલા વડાપ્રધાન ગોલ્ડા મેરની જન્મજયંતિ
  - ભારતની પ્રથમ ફિચર ફિલ્મ રાજા હરિશ્ચંદ્રનું મુંબઈમાં પ્રદર્શન
  - સુભાષચંદ્ર બોઝે ધ ઓલ ઈન્ડિયા ફોર્વર્ડ બ્લોકની સ્થાપના કરી
  - બ્રિટનમાં પ્રથમ સફળ હૃદય પ્રત્યારોપણ કરવામાં આવ્યું
- **૪થી મે :**
  - પદ્મશ્રી અને સમર્થ તનાટ્યકાર ચંદ્રવદન મહેતાનું નિધન
  - યુગોસ્લાવિયાના રાષ્ટ્રનાયક વડાપ્રધાન માર્શળ ટીટોનું નિધન
  - ભારતીય શાસ્ત્રીય સંગીતના બનારસ ઘરાનાના તબલાંવાદક પંડિત કિશન મહારાજનું નિધન
  - ટેલીકમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર સામ પિત્રોડાનો જન્મદિન
- **૫મી મે :**
  - આત્મશ્રદ્ધાનો આદર્શ અને ફ્રાન્સના પૂર્વ પ્રમુખ નેપોલિયન બોનાપાર્ટનું નિધન
  - જાણીતા દાર્શનિક અને વિચારક કાર્લ માર્ક્સનો જન્મ
  - પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની જૈલસિંઘનો જન્મદિન
  - યુરોપિયન પરિષદે યુરોપદિનની ઉજવણીની શરૂઆત કરી
- **૬ઠ્ઠી મે :**
  - બાળ કેળવણીના આદ્યપ્રવર્તક ડૉ. મારીયા મોન્ટેસરીનું નિધન
  - મહિલાવિકાસ પ્રવૃત્તિના મશાલચી મૃદુલા સારાભાઈનો જન્મદિન
  - સંગીત સમ્રાટ તાનસેનનું નિધન
  - પંડિત જવાહરલાલ નહેરુના પિતા મોતીલાલ નહેરુનો જન્મદિવસ
- **૭મી મે :**
  - 'ચાબખા' નામના મૌલિક અને માર્મિક કાવ્યપ્રકારનું સર્જન કરનાર ભોજા ભગતનો જન્મદિન
  - ફોટોગ્રાફી ક્ષેત્રે અનેક નવીન ટેકનોલોજીના શોધક એડવીન જનીનનો જન્મ દિવસ
  - નવલકથા અને વાર્તાઓના સર્જક પન્નાલાલ પટેલનો જન્મદિન
  - કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ
- **૮મી મે :**
  - આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ દિવસ, વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ
  - અમેરિકામાં પોસ્ટ ઓફિસની સ્થાપના કરવામાં આવી
  - સ્વિડનમાં મૃત્યુદંડ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો
  - વિશ્વ આરોગ્ય સંસ્થાએ બળીયા રોગ નાબુદ થવાની જાહેરાત કરી
  - પશ્ચિમ જર્મનીમાં બંધારણને મંજૂરી આપવામાં આવી
- **૯મી મે :**
  - સાહિત્યકાર ઈશ્વર પેટલીકરનો જન્મદિવસ
  - ગઝલગાયક તલત મહેમૂદનું અવસાન
  - સોવિયેત રશિયા દ્વારા નાઝી જર્મનીનૌ સન્યને સરેન્ડર કરવાની ઐતિહાસિક ઘટના
  - ગોપાલકૃષ્ણ ગોખલેની જન્મજયંતિ

#### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં દિલ્હીના ભાજપના કયા નેતા અને સાંસદ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા ? જવાબ : ઉદિત રાજ**

#### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મુળજીભાઈ પરમાર 'દધિ', સૅક્ટર-૬ (૨) ઋજિત રાવલ, સૅક્ટર-૭ (૩) હાર્દિક એન ભટ્ટ, સૅક્ટર-૨૪ (૪) નટુભાઈ દરજી, પેથાપુર (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ

#### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારતમાં ટેકનોલોજી દિવસ કઈ તારીખે ઉજવાય છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# વાત સ્થિતપ્રજ્ઞતા કેળવવાની



**એક વાર સ્થિતપ્રજ્ઞ થઈ ગયા પછી કેવળ વાઈફ તરફથી આવતી 'વરીઝ' જ નહીં, સંસારની ઘણી બધી સમસ્યાઓ જખ મારે છે**



## હળવે હૈયે

પ્રકાશ લાલા

વ્યક્તિ પોતે બહુ હોશિયાર છે એમ માને એમાં કોઈ વાંધો ન હોઈ શકે, વાંધો એ સામાવાળાને મૂર્ખ માનીને વર્તે એમાં છે.

આવું જોરદાર ને ચોટદાર વિધાન કરવાની પ્રેરણા હોય છે વાઈફો - પોતપોતાની વાઈફો... દરેક વાઈફ પોતે સ્માર્ટ ને એનો પતિ પરમેશ્વર બાઘો છે, એવું દ્રઢપણે માનતી હોય છે. એ પતિદેવને કામ સોંપે એનો વિરોધ નથી... એ પત્નીનો અધિકાર અને એણે ચીંધેલું કામ કરવું એ પતિની પવિત્ર ફરજ છે. પરંતુ કામ ચીંધ્યા પછી અને કામ કેમ કરવું એ વિશે લાંબુલચક પ્રવચન, જાતજાતનાં સલાહ-સૂચનો પણ આપશે. તો પછી જાતે જ એ કામ કેમ નહીં કરી લેતી હોય ?

આવું કરે ત્યારે કાળઝાળ ક્રોધ ચડે, અલબત્ત મનમાં જ... જો એ ગુસ્સો-વિરોધ પ્રગટ થઈ ગયો તો પત્યું ! હોમ મિનિસ્ટર તરફથી આપણે ક્યારે, કયા કામમાં, કેવી ભૂલ કરેલી એનાં દૃષ્ટાંતો તારીખ-વાર-સમય સાથે આપી, આપણી અણઆવડત બાબત બીજું લાંબું લેક્ચર સંભળાવી, પોતે કેમ સલાહ-સૂચનો આપે છે તે જસ્ટીફાઈ કરે જ...

આમ તો લગભગ બધી જ માનવંતી પરિણિતાઓની આ વિશિષ્ટતા હોય છે... એ બૉસ ને પતિ સ્ટાફ હોય એમ માની લઈ વર્તવાનું એને ગમતું હોય છે. આનાથી બચવાનો કોઈ ઉપાય ? ભલભલા અનુભવીઓનો ઉત્તર હતો : ના... જો કે એક ઉપાય છે : બહેરા બની જવાનું. મતલબ કે શ્રીમતીજીનું સાંભળવાનું ખરું પણ વાયા કાન મગજમાં નપહોંચે એ રીતે બહેરા બનીને... શરૂ શરૂમાં અઘરું લાગશે પણ પછી આદત થઈ જતાં ખૂબ સારું લાગવાની ગૅરન્ટી છે. ચિત્તને કોઈ ઉદ્વેગ નહીં-સંતાપ નહીં રહે... સામાવાળાને પોતાની વાત સંભળાવ્યાનો આનંદ થાય, એનો અહમ્ પોષાય અને આપણે મગજ પર ના લીધું હોય એટલે કોઈ ટેન્શન નહીં. બંને પાર્ટી રાજી. સરવાળે વિન વિન સિચ્યુએશન.

એક રીતે જોઈએ તો શ્રીમદ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પ્રબોધેલી સ્થિતપ્રજ્ઞતા કેળવવાની વાત છે. એક વાર સ્થિતપ્રજ્ઞ થઈ ગયા પછી કેવળ વાઈફ તરફથી આવતી 'વરીઝ' જ નહીં, સંસારની ઘણી બધી સમસ્યાઓ જખ મારે છે.

અમે તો આવી સ્થિતપ્રજ્ઞતા ધારણ કરી છે. તમેય આ ઉપાય અજમાવી શકો છો - તમારા પોતાના જોખમે.... ને હા, આવું કરવા જતાં પત્ની પકડી પાડે તો બૉસ ફરમાવે તે સજા સહેવાની ક્ષમતા કેળવવી રહી...

ઑલ ધી બેસ્ટ !